મહિલા સ્વસહાય જૂથો દ્વારા દરિયાઇ શેવાળ (સી-વીડ ) ઉછેર
માટે ""પ્રોજેક્ટ સાગર લક્ષ્મી""નું અમલીકરણ કરવા બાબત.

**<u>ગુજરાત સરકાર</u>**

પંચાયત, ગ્રામ, ગૃહ, નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:આઇડીબી/૧૦૨૦૧૨/મિશન મંગલમ/સી-વીડ/એસએફએસ- ૪૮/ખ-૧,

સચિવાલય, ગાંધીનગર

તા.૩/૧૦/૨૦૧૨

**વંચાણ લીધા:** પંચાયત, ગ્રામ, ગૃહ, નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંક:
આઇડીબી/૧૦૨૦૧૦/મિશન મંગલમ/૪૦૪/એસએફએસ/૨૧૯૪/ખ ૧, તા. ૩૧/૩/૨૦૧૦

**આમુખ:**

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ઠરાવથી ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની આર્થિક સક્ષમતા વધારવાની દિશામાં પહેલ કરીને મિશન મંગલમ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. મિશન મંગલમ કાર્યક્રમ હેઠળ વિવિધ આર્થિક પ્રવૃતિ દ્વારા સ્વસહાય જુથોનાં માધ્યમથી આજીવિકામાં વધારો કરી ગ્રામિણ મહિલાઓને સશક્તિકરણ કરવાનો હેતુ રહેલો છે. ભારત દેશમાં ગુજરાત રાજયને સૌથી લાંબો ૧૬૦૦ કી.મી. નો દરિયા કાંઠો મળેલ છે. દરિયાકાંઠામાં વસતા કુટુંબો માટે આજીવીકાનો મુખ્ય વ્યવસાય માછીમારી છે.આ વ્યવસાય નિસર્ગ આધારિત તેમજ મોસમી વ્યવસાય હોવાથી આ વિસ્તારમા અન્ય વૈકલ્પિક અને ટકાઉ આજીવીકા ઉભી કરવા માટેનાં પ્રયત્નો હાથ ધરવા સાથે ગરીબ કુટુંબોનો સમાવેશ આ પ્રવૃતિમાં પ્રાથમિકતાના ધોરણે કરી લેવી જરૂરી છે.

ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી. (જીએલપીસી) ધ્વારા આજીવિકા મેળવવા જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ છે સાથે સાથે નવી પ્રવૃતિ માટે નવતર અભિગમ અપનાવી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વિકસાવવામાં આવેલ અધ્યતન તંત્રજ્ઞાનનાં ઉપયોગથી અન્ય ક્ષેત્રોમાં પણ શક્યતાઓ ચકાસવામાં આવેલ છે. જેમાંની એક પ્રવૃતિ તરીકે સ્વસહાય જુથોનાં માધ્યમથી Sea weed***(Kappaphycus Alvarezii)*** Cultivation (શેવાળનાં ઉછેર) છે. આ પ્રવૃતિનો પ્રાથમિક અભ્યાસ તથા સ્થળ પરિક્ષણ કર્યા પછી દરિયાકાંઠાના ગરીબ કુટુંબોને ઓછા ખર્ચે એક નિરંતર (કાયમી) આવકનું સાધન ઉપલબ્ધ કરી આપવાની સંભવિત શક્તિ આ પ્રવૃતિ ધરાવે છે

**<u>ઠરાવ</u>**:

સરકારશ્રીએ પુખ્ત વિચારણાનાં અંતે દરિયાઇ શેવાળ (સી-વીડ) ઉછેર માટે" **"પ્રોજેક્ટ સાગર લક્ષ્મી""** તરીકે નામાધિમાન કરી આ પ્રોજેક્ટ અમલમાં મુકવા માટે નીચે દર્શાવેલ શરતો પ્રમાણે અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ પ્રોજેક્ટનાં સંપૂર્ણ અમલીકરણ માટે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.(GLPC Ltd) ને અધિકૃત (નોડલ) એજન્સી તરીકે નિમણુક કરવામાં આવે છે.

૧. ભારત સરકારની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ -(CSMCRI-CSIR)-ભાવનગર દ્વારા વિકસાવેલ તંત્રજ્ઞાન આ પ્રોજેક્ટ માટે મેળવવાની તેની ફી અને ડેમોન્સ્ટ્રેશન સાઇટસ ઉભી કરવા પેટે રૂ. ૧.૦૦ કરોડ ( રૂ. એક કરોડ)નું ચુંકવણુ કરવા આથી નીચેની શરતોએ મંજુરી આપવામાં આવે છે.

(અ) સને ૨૦૧૨-૧૩નાં GLPC Ltd માટે થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. આ હેતુ માટે કોઇ વધારાની ગ્રાન્ટ મળવા પાત્ર થશે નહિ.

(બ) જી.એલ.પી.સી ( GLPC Ltd )એ સદરહુ આ સંસ્થા સાથે કરાર કરવાના રહેશે તેમજ કરાર અને ચુકવણા માટે કંપનીનાં બોર્ડની અનુમતી મેળવવાની રહેશે.

૨.આ પ્રોજેક્ટ અંતર્ગત દરિયા કિનારાથી ૫ કિ.મીના અંતરે આવેલ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા મહિલા સ્વ સહાય જુથોનાં સભ્યોને આવરી લેવાનું રહેશે.

૩.આ પ્રોજેક્ટ અંતર્ગત લાભાર્થીઓને દરિયાઇ શેવાળની ખેતીનાં પ્રોત્સાહન માટે નિયમોનુસાર નાણાકીય સહાય પુરી પાડવામાં આવશે.આ કામગીરી માટે ભારત સરકાર, રાજય સરકાર તથા અન્ય યોજના અમલીકરણ એજન્સીઓ મારફતે લાગુ પડતી યોજનાઓનો પણ મહત્તમ લાભ આપવા માટે પ્રયાસ કરવાના રહેશે.

૪.આ પ્રોજેક્ટ અંતર્ગત લાભાર્થીઓને તાલીમ, પ્રશિક્ષણ,અન્ય યોજના સાથે સંકલન,બજાર વ્યવસ્થા તેમજ જોડાણની પ્રક્રિયા પણ કરવાની રહેશે જે માટે જે તે સંસ્થા સાથે સમજુતી કરાર વિગેરે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫.આ પ્રોજેક્ટને વધુ વેગ આપવા માટે કેન્દ્ર તથા રાજય સરકારશ્રીનાં વિવિધ વિભાગોની યોજનાઓ અને કાર્યક્રમો સાથે સંકલન કરવાનું રહેશે.

૬.આ પ્રોજેક્ટની સમીક્ષા સરકારશ્રી દ્વારા ઠરાવ્યા પ્રમાણે તાલુકા તથા જિલ્લા કક્ષાએ સક્ષમ અધિકારીશ્રીઓ કરશે. આ પ્રોજેક્ટનાં અમલીકરણ ઉપર દેખરેખની કામગીરી ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીએ કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા:૧૫/૦૯/૨૦૧૨ ના રોજની મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એન.મેજીયાતર)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર

માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી/સચિવશ્રી નું કાર્યાલય. ગાંધીનગર

માન. મંત્રીશ્રી(ગ્રા.વિ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.કા મંત્રીશ્રી(ગ્રા.વિ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.સસંદીય સચિવશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

અધિક મુખ્ય સચિવશ્રી ના રહસ્ય સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રી પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

કમિશ્નર-વ- અગ્ર સચિવશ્રી,કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, બંદર અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર

સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર

ડીરેક્ટરશ્રી, સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ -(CSMCRI-CSIR)-ભાવનગર

વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. બ્લોક નં ૧૮/૩ ઉધોગભવન, ગાંધીનગર

વિભાગનાં તમામ ખાતાના વડાશ્રીઓ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ

સંબધિત જિલ્લા કલેક્ટરશ્રીઓ (ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. મારફતે )

સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી (ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. મારફતે )

સંબધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. મારફતે )